# જિલ્લામાં નશીલા પદાર્થોના વેચાણનો મુદ્દો ચમક્યો

## ખનીજની લીઝમાંથી રોયલ્ટી પેટે રૂ. ૩૫૦૧.૦૭ લાખની આવક થઈ, બે વર્ષમાં ખનીજ ચોરીની ફરિયાદો કરતી ૧૪૦ રજુઆતો મળી : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૩

આજે રાજ્ય વિધાનસભા ગૃહમાં રાજ્યના ગૃહમંત્રીને ઘેરવાની રણનીતિ સાથે વિપક્ષ મેદાનમાં હતુ. તેણે એક તબક્કે ભારે સૂત્રોચ્ચાર કરતાં અધ્યક્ષશ્રીએ ગૃહને મુલ્તવી રાખ્યુ હતુ.

- **ગાંધીનગર જિલ્લામાં પકડાયેલ નશીલા પદાર્થો**

કોંગીના ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ ગાંધીનગર જિલ્લામાં પકડાયેલ નશીલા પદાર્થો અને પકડાયેલ ઈસમોને લઈ પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે ગાંધીનગર જિલ્લામાં ૬૮૭૬ ઈસમોની ધરપકડ કરવામાં આવી છે અને ૮૧ ઈસમોની ધરપકડ કરવાની બાકી છે.

તેમણે જણાવ્યુ છે કે જિલ્લામાંથી ૫,૮૧,૮૪,૨૪૬ રૂ.ની કિંમતનો દારૂ પકડાયો છે. જ્યારે રૂ. ૧૨,૪૩,૯૫૬ ની કિંમતનો ગાંજો, વોશ ડોડા અને ચરસનો જથ્થો પકડવામાં આવ્યો છે.

- **દહેગામ તાલુકામાં માઈનોર સિંચાઈનું પાણી**

ભાજપના બલરાજસિંહ ચૌહાણે દહેગામ તાલુકામાંથી પસાર થતી કડાદરા-વહેલાલ માઈનોર કેનાલને લઈ પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે આ કેનાલનું કામ ૨૦૦૩માં પૂર્ણ થયેલ છે.

કડાદરા-વહેલાલ માઈનોર કેનાલની કુલ લંબાઈ ૩૬૧૬ મીટર છે અને તેનો પિયત વિસ્તાર ૪૭૨ હેક્ટર છે. મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે આ કેનાલ દ્વારા સિંચાઈનું પાણી ૨૦૦૪થી આપવામાં આવી રહ્યું છે.

- **જિલ્લામાં ગુનાહિત કૃત્યો**

કોંગીના બળદેવજી ઠાકોરે જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ખૂન અને ખૂનની કોશિશના નોંધાયેલા કેસો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યું છે કે જિલ્લામાં ૧-૧-૨૦ થી ૩૧-૧૨-૨૦ દરમ્યાન ખૂનના ૨૨ ગુના અને ખૂનની કોશિશના ૨૩ ગુના નોંધાયા છે.

૧-૧-૨૧ થી ૩૧-૧૨-૨૧ દરમ્યાન જિલ્લામાં ૧૯ ખૂન અને ૨૦ ખૂનની કોશિશના ગુના નોંધવામાં આવ્યા છે.

ખૂન અને ખૂનની કોશિશ કરનાર ગુનેગારોને તડીપાર કરવા અંગેની કોઈ રજુઆત સરકારને મળી નહિ હોવાનું પણ તેમના એક લેખિત પ્રશ્નનના ઉત્તરમાં જણાવાયુ છે.

- **જિલ્લામાં ખનીજની લીઝો**

કોંગીના લાખાભાઈ ભરવાડે ગાંધીનગર જિલ્લામાં ખનીજની કાર્યરત લીઝો અંગે પૂછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે ગાંધીનગર જિલ્લામાં ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ ૧૨૨ લીઝો ગૌણ ખનીજની કાર્યરત છે.

મુખ્યમંત્રીએ સભ્યશ્રીના લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે ૧-૧-૨૦ થી ૩૧-૧૨-૨૦ ની સ્થિતિએ કાર્યરત લીઝોમાંથી ૩૬,૮૪,૮૦૪ મે. ટન ગૌણ ખનીજ કાઢવામાં આવેલ. જ્યારે ૧-૧-૨૧ થી ૩૧-૧૨-૨૧ દરમ્યાન ૫૦,૨૬,૧૩૧ મે.ટન ગૌણ ખનીજ કાઢવામાં આવેલ છે.

આ લીઝોમાંથી ૧-૧-૨૦ થી ૩૧-૧૨-૨૦ દરમ્યાન રૂ. ૧૨૦૬.૭૯ લાખની રોયલ્ટી મળી છે જ્યારે ૧-૧-૨૧ થી ૩૧-૧૨-૨૧ દરમ્યાન રૂ. ૨૨૯૪.૨૮ લાખની રોયલ્ટી મળી છે.

- **જિલ્લામાં પકડાયેલ નશીલા પદાર્થ**

કોંગીના સુરેશભાઈ પટેલે ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ જિલ્લામાં પકડાયેલ નશીલા પદાર્થો અને પકડાયેલ ઈસમો અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે ૧-૧-૨૦ થી ૩૧-૧૨-૨૦ દરમ્યાન જિલ્લામાં ગાંજો, પોશ ડોડા અને ચરસનો ૧૫,૪૫,૧૮૬ રૂ.નો જથ્થો પકડવામાં આવ્યો હતો. ૧-૧-૨૧ થી ૩૧-૧૨-૨૧ દરમ્યાન ૧,૯૮,૭૭૦ રૂ.નો જથ્થો પકડવામાં આવ્યો હતો.

આ સમયગાળા દરમ્યાન ૨૪ ઈસમોની ધરપકડ કરવામાં આવી છે અને બે ઈસમો પકડવાના બાકી છે. પકડવાના બાકી ઈસમોને ઝડપી પાડવા માટે કાર્યવાહી કરવામાં આવી રહી છે. સી.આર.પી.સી. કલમ ૭૦ મુજબનુ વોરંટ મેળવવામાં આવેલ છે તેમજ સી.આર.પી.સી. કલમ ૮૨-૮૩ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

● અનુસંધાન પાન-૭ પર



**વિધાનસભામાં ગાંધીનગર**
- પ્રકાશ જહા

# અક્ષરધામ નજીક નમો વડ વનનું નિર્માણ કરાશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરમાં અક્ષરધામ નજીક નમો વડ વનનું નિર્માણ કરવામાં આવશે. આ માટે વન વિભાગ દ્વારા તેના આયોજનને આખરી ઓપ પણ આપી દેવામાં આવ્યો છે.

આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે ભારતના રાષ્ટ્રીય વૃક્ષ અને સેંકડો વર્ષો સુધી જીવંત રહેનાર વડના વૃક્ષોનું વાવેતર આગામી પર્યાવરણ દિવસની ઉજવણી નિમિત્તે કરવામાં આવશે.આ વનમાં ૭૫ વડના વૃક્ષોની વાવણી કરાશે અને તેનું નામ નમો વડ વન અપાશે.

રાજયના નાણાંમંત્રીએ આજે રજુ કરેલા અંદાજપત્રમાં વનચેતના કેન્દ્ર અને ઔષધીય વનના કામ માટે પણ મોટી રકમની ફાળવણી કરવામાં આવી છે.

## અંદાજપત્રમાં ગાંધીનગર

- ગાંધીનગર-કોબા-હાંસોલ રોડ (એરપોર્ટ રોડ) પર રાજસ્થાન સર્કલ પર રૂ. ૧૩૬ કરોડના ખર્ચે એક્સ્ટ્રા ડોઝ કેબલ સ્ટેડ બ્રીજ તેમજ રક્ષાશક્તિ સર્કલ પર રૂ. ૫૦ કરોડના ખર્ચે ફ્લાય ઓવર બ્રિજ બાંધવામાં આવશે.
- સરકારી શાળા, કોલેજો, હોસ્પિટલના મકાનો પર સોલાર રૂફટોપ સ્થાપિત કરાશે.
- વનચેતના અને ઔષધીય વનના કામ માટે જોગવાઈ.
- ગિફ્ટસીટીમાં નવુ પોલીસ સ્ટેશન બનશે.
- ચિલ્ડ્રન યુનિ. માટે ટોયહાઉસ, પુસ્તક પ્રકાશન અને આઈટી ઉપકરણ માટે રૂ. ૨ કરોડની જોગવાઈ કરવામાં આવી.

# વ્યવસાય વેરામાં મુક્તિ અપાતા નાના પગારદારોમાં ખુશીનો માહોલ

ગાંધીનગર, તા. ૩

રાજ્ય સરકારે આજે વ્યવસાય વેરામાં આપેલી રાહતને પગલે નાના કર્મયોગીઓમાં આનંદની લાગણી છવાઈ જવા પામી છે.

રાજ્ય સરકારે આજે તેના અંદાજપત્રમાં રૂ. ૧૨ હજાર સુધીનો પગાર મેળવતા પગારદારોને વ્યવસાય વેરામાંથી મુક્તિ આપવાની જાહેરાત કરી છે.

વ્યવસાય વેરામાં અપાયેલી આ મુક્તિને કારણે ગાંધીનગર મનપામાં વ્યવસાયવેરાની આવક ઘટશે તેમ મનાઈ રહ્યુ છે. મનપામાં છેલ્લા બે વર્ષમાં વ્યવસાય વેરાની આવક રૂ. ૨૦ કરોડ જેટલી થઈ છે જે નોંધનીય છે. ચાલુ નાણાંકીય વર્ષમાં વ્યવસાય વેરાની મનપામાં ૧૧ કરોડની આવક થઈ છે.

# આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ માટે ૧૨,૨૪૦ કરોડની જોગવાઈ

- કિશોરીઓ તેમજ મહિલાઓને માસિકધર્મ અંગે જાગૃતિ લાવવા અને સેનેટરીપેડ વિના મૂલ્યે ઉપલબ્ધ કરાવવા ૪૫ કરોડની ફાળવણી.
- કિશોરીઓમાં આયર્ન તત્ત્વની ઊણપના કારણે એનીમીયાનું પ્રમાણ જોવા મળે છે. આવનાર સમયમાં માતૃત્વ ધારણ કરનાર આ કિશોરીઓમાં હિમોગ્લોબીનનું મોનીટરીંગ કરવા તેમજ આયર્ન તત્ત્વની ઊણપ દૂર કરવા તેમને આયર્ન સુક્રોઝના ઈન્જેકકશન આપવાની યોજનામાં સમાવેશ કરવા માટે જોગવાઈ રૂ૫ કરોડ.
- બાળકોને સઘન પોષણ આપવા બાલ-અમૃત પોષણ યોજના હેઠળ જોગવાઈ ૨૦ કરોડ.
- નવજાત શિશુ અને માતાને ઘર સુધી પહોંચાડવા માટે નવા ૯૦ ખિલખિલાટ વાહનો ઉપલબ્ધ કરાવવા માટે જોગવાઈ ૫ કરોડ.
- સગર્ભા માતાઓ અને બાળકોને પોષણ સહાય આપવા પ્રધાનમંત્રી માતૃવંદના યોજના માટે જોગવાઈ રૂ૧૫૦ કરોડ.
- શહેરી ક્ષેત્રોમાં આરોગ્ય સેવાઓ વધારે સુદઢ કરવા સી.એચ.સી. અને પી.એચ.સી. શરૂ કરવામાં આવેલ છે. આ વિસ્તારોમાં આયોજન મુજબ બાકી રહેતી તમામ સી.એચ.સી. અને પી.એચ.સી. શરૂ કરવામાં આવશે. વધુમાં આ કેન્દ્રો પર આરોગ્ય કર્મીઓની ૧૨૩૮ નવી જગ્યાઓ ઊભી કરવામાં આવશે. જે માટે જોગવાઈ રૂ૧૬ કરોડ.
- પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના- મુખ્યમંત્રી અમૃતમ(મા)યોજનામાં રાજ્યના ૮૦ લાખ કરતા વધુ કુટુંબોને રૂ૫ લાખ સુધીની મફત તબીબી સારવાર માટે આવરી લેવાયેલ છે. આ યોજના માટે જોગવાઈ ૧૫૫૬ કરોડ.
- ૫મા નાણાંપંચ અંતર્ગત આરોગ્ય કેન્દ્રોની માળખાકિય સગવડોના વિકાસ માટે આગામી પાંચ વર્ષમાં રૂ૩૩૪૧ કરોડનું આયોજન કરવામાં આવેલ છે. આગામી વર્ષ માટે જોગવાઈ રૂ૬૨૯ કરોડ.
- સીંગરવા(અમદાવાદ) અને ડીસા(બનાસકાંઠા)ની પેટા જિલ્લા કક્ષાની હોસ્પિટલોને અપગ્રેડ કરી જિલ્લા કક્ષાની હોસ્પિટલ બનાવવા માટે રૂ૩૬ કરોડના આયોજન પૈકી જોગવાઈ રૂ૮ કરોડ.
- વાપીમાં ૧૦૦ બેડની નવી સબ-ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ બનાવવામાં આવશે.
- ઊંઝા સબ-ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલને અપગ્રેડ કરી ૧૦૦ બેડની હોસ્પિટલ બનાવવામાં આવશે.
- આરોગ્ય સંસ્થાઓ ખાતે ટેલી- રેડીયોલોજી, ટેલી-આઈ.સી.યુ., ટેલી-મેડિસીન અને ટેલી-મેન્ટલ હેલ્થની સેવાઓ માટે જોગવાઈ રૂ૨ કરોડ.
- એમ્બ્યુલન્સ સેવાઓનો વ્યાપ વધારવા નવી ૧૦૦ એમ્બ્યુલન્સ વાન અને ૧૦ મોબાઈલ સંજીવની વાન પૂરી પાડવા માટે જોગવાઈ ૨૨ કરોડ.
- ટેલી-મેડિસીન કન્સસલ્ટેશન અંતર્ગત ૬૦ વર્ષથી વધુ વયના લોકોને ઘરે બેઠા લેબોરેટરી ટેસ્ટ સેમ્પલ કલેકશન યોજના માટે જોગવાઈ રૂ૫ કરોડ.
- છોટા ઉદેપુર અને કચ્છ જિલ્લામાં આવેલ તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ને ૨૪ ૮ ૭ ચાલુ રાખી આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવા જોગવાઈ રૂ૨ કરોડ.
- દુર્ગમ વિસ્તારોમાં આરોગ્ય સેવાઓ પહોંચાડવા માટે મોટર સાયકલ આધારિત ૫૦ મોબાઈલ હેલ્થ યુનિટ શરૂ કરવા જોગવાઈ ૨ કરોડ.



# સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના ૭૦૦ મકાનોનુ રિનોવેશન કરાશે

## જુના સેકટરોમાં આવાસોના મજબુતીકરણ માટે તંત્રએ દરખાસ્ત કરી અંદાજિત રૂ ૩૦ કરોડનો ખર્ચ થશે

ગાંધીનગર તા ૩

ગાંધીનગરના સેકટરોમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના રહેણાંકને લાયક રહ્યા નથી જેને ધ્યાનમાં રાખી તબક્કાવાર નવા મકાનો બાંધવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. બીજીતરફ હાલની સ્થિતિએ સેકટરોમાં કેટલાક બ્લોકનુ મજબુતીકરણ કરવામાં આવે તો રહેણાંકના યોગ્ય ઉપયોગ માટે લઈ શકાય તેમ હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. જેને અનુલક્ષીને તંત્ર દ્વારા શહેરના સેકટરોમાં સ્થિત વિવિધ કક્ષાના અંદાજિત ૭૦૦ જેટલા આવાસોનુ રીનોવેશન કરવા માટે દરખાસ્ત કરવામાં આવી છે. જેના મજબુતીકરણ પાછળ રૂ ૩૦ કરોડનો ખર્ચ થશે.

ગાંધીનગર શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો તંત્ર માટે હાલ મોટો શિરદર્દ બન્યા છે. એકબાજુ રહેણાંકને લાયક આવાસોની સામે જોખમી આવાસોની સંખ્યા વધુ છે જેના લીધે આવાસ ઈચ્છુક અરજદારોની યાદી મોટી થતી જાય છે. પરંતુ તંત્રના ચોપડે નોંધાયેલી પ્રતિક્ષા યાદીને ઓપરેટ કરવાનુ પણ મુશ્કેલ બન્યુ છે કેમ કે માર્ગ મકાન વિભાગ હસ્તક રહેણાંકને લાયક આવાસો ઉપલબ્ધ નથી. જોખમી આવાસો ખાલી કરાવામાં આવી રહ્યા છે. જયારે ખાલી આવાસો તોડીને જગ્યા ખુલ્લી કરવામાં આવી રહી છે. જો કે હાલની સ્થિતિએ શહેરમાં અંદાજિત ૪૫૦૦ જેટલા જોખમી મકાનો છે. જયારે આ પૈકી ૧૫૦૦ જેટલા મકાનો ખાલી છે. પરંતુ આવાસો તોડવા સહીત સેકટરોમાં કેટલાક બ્લોક હાલમાં પણ પ્રાથમિક સર્વેના અંતે મજબુત હોવાનુ સ્પષ્ટ થયુ છે જેને અનુલક્ષી આ પ્રકારના આવાસોનુ રીનોવેશન હાથ ધરવા માટે વિચારણા હાથ ધરવામાં આવી હતી તંત્ર કક્ષાએથી આવાસોના મજબુતીકરણ અન્વયે પણ રીપોર્ટ તૈયાર કરી વિભાગ સમક્ષ દરખાસ્ત કરવામાં આવી હતી. શહેરના સે-૭ થી ૩૦ માં સ્થિત સરકારી આવાસોને અનુલક્ષી અગાઉ પણ સર્વે હાથ ધરવામાં આવ્યો હતો જેના અંતે જોખમી મકાનોનો તાગ મળ્યો હતો જો કે છેલ્લા દોઢ દાયકા દરમિયાન મજબુતીકરણની કામગીરીને વેગ આપી આવાસોની તબક્કાવાર નિભાવણી કરવામાં આવી હતી પરંતુ શહેરમાં સ્થિત મોટાભાગના મકાનો ચાર દાયકા જુના હોવાનુ સ્પષ્ટ થયુ છે જેના લીધે વર્ષોના અંતે હાલ મકાનોના છતમાંથી પોપડા ખરવા સહીત પાણી

● અનુસંધાન પાન-૭ પર

# સે-૧૭ માં નવા સદસ્ય નિવાસ બાંધવા માટે જોખમી ૧૨૩ મકાનો તોડી નંખાશે

## છ કક્ષાના ચાર દાયકા જુના મકાનો તોડીને નવા સુવિધાયુક્ત એમ એલ એ કવાટર્સ બાંધવામાં આવશે : નવ માળના ૧૨ ટાવરમાં ૨૧૬ યુનિટ ઉભા કરાશે : નવા એમ એલ એ કવાટર્સ બાંધવા માટે ૨૪૭ કરોડના ખર્ચને વહીવટી મંજુરી

ગાંધીનગર તા ૩

ગાંધીનગરમાં જુના અને જોખમી મકાનો તોડીને નવા આવાસો બાંધવામાં આવી રહ્યા છે. સાડા ચાર દાયકા જુના મકાનો હવે રહેણાંકને લાયક રહ્યા નથી જયારે જુના આવાસો જોખમી બનતા ગમે ત્યારે આવાસોમાંથી પોપડા ખરતા હોવાનુ પણ ધ્યાને આવે છે. જયારે કર્મચારીઓ માટે સુવિધાયુકત આવાસો બાંધવાની સાથે નવા સદસ્ય નિવાસનુ પણ નિર્માણ કરવામાં આવશે. સે-૧૭ માં આ યોજનાને અનુલક્ષીને જુના છ કક્ષાના ૧૨૩ આવાસોનો કડુસલો કરી દેવાશે અંદાજિત ૪૫ વર્ષ જુના આ આવાસો તોડીને નવ મજલાના નવા ૧૨ ટાવર ઉભા કરાશે. એમ એલ એ માટે ૨૧૬ યુનિટ બાંધવા માટે અંદાજિત રૂ ૨૪૭ કરોડના ખર્ચને વહીવટી મંજુરી આપવામાં આવી છે. આ યોજનાને અનુલક્ષી હાલ ડ્રોઈંગ અને ડીઝાઈન આખરી થઈ રહ્યા છે જેના અંતે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાશે.

ગાંધીનગરમાં જુના અને જર્જરિત મકાનો તોડવા માટે તબક્કાવાર મંજુરી આપવામાં આવી રહી છે. શહેરમાં અત્યાર સુધી ઘણા જોખમી બ્લોક તોડી નાંખવામાં આવ્યા છે. જયારે જોખમી મકાનો તોડીને નવા મકાનો બાંધવામાં આવી રહ્યા છે. સેકટરોમાં સરકારી કર્મચારીઓ માટે નવા ટાવરો ઉભા કરી સુવિધાયુક્ત આવાસ બાંધવાનુ કામ ચાલી રહ્યુ છે. હાલ સે-૬ માં પણ નવા મકાનો તૈયાર કરવામાં આવી રહ્યા છે જયારે જુના મકાનોનો કડુસલો કરવામાં આવ્યા બાદ નવા આવાસો બાંધવા માટે પણ જગ્યાનો સર્વે હાથ ધરી હજુ પણ નવી સાઈટની પસંદગી કરવામાં આવશે. આ ઉપરાંત શહેરમાં નવા એમ એલ એ કવાટર્સ બાંધવા માટે પણ આયોજન કરવામાં આવ્યુ છે. હાલ સે-૨૧ માં એમ એલ એ કવાર્ટસ છે. જયારે વર્ષો અગાઉ સે-૧૭ માં જુના એમ એલ એ કવાટર્સના ઠેકાણે નવા મકાનો બાંધવા માટે કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે. નવા સદસ્ય નિવાસને અનુલક્ષીને ૨૧૬ યુનિટ તૈયાર કરવામાં આવશે. ૯ મજલાના સુવિધાયુકત અને હાઈટેક આવાસો તૈયાર કરવા માટે હાલ ડિઝાઈન અને ડ્રોઈંગ આખરી કરવામાં આવી રહ્યા છે. યોજના અંતર્ગત નવ ટાવર બાંધવામાં આવશે. જયારે આ સદસ્ય નિવાસ બાંધવા માટે અંદાજિત રૂ ૨૪૭ કરોડના ખર્ચને વહીવટી મંજુરી આપવામાં આવી છે. સે-૧૭ માં નવુ સદસ્ય નિવાસ તૈયાર કરવા માટે હજુ કામ શરૂ કરવામાં થોડો વિલંબ થશે. અલબત્ત ડ્રોઈંગ ડીઝાઈન આખરી થાય બાદ આ કાર્યયોજનાને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવશે. સે-૧૭ માં જયાં નવા સદસ્ય નિવાસ બનવાના છે તેવા ઠેકાણે હાલ ચાર દાયકા જુના સરકારી આવાસો અસ્તિત્વ ધરાવે છે. છ કક્ષાના આ આવાસો વર્ષોના અંતે હાલ જોખમી હાલતમાં છે. જયારે જોખમી મકાનોમાં હાલ વસવાટ પણ નથી. જયારે પ્રથમ તબક્કામાં આ છ કક્ષાના ૧૨૩ મકાનો તોડવામાં આવશે. જયારે નવા સદસ્ય નિવાસમાં સઘળી સુવિધા ઉપલબ્ધ થાય તે માટે અગાઉ સદસ્ય નિવાસ સમિતિ કક્ષાએથી પણ જરૂરી સુચનો કરવામાં આવ્યા હતા જયારે અગાઉ પુર્વ નાયબ મુખ્યમંત્રીએ આ મામલે એક મુલાકાત લઈને સ્થળ નિરિક્ષણ પણ કર્યુ હતુ. આગામી દિવસોમાં નવા સદસ્ય નિવાસ બાંધવા માટેની કાર્યયોજના હાથ ધરાશે.

# આજે પરશોત્તમ રૂપાલા સે.૨૪માં 'આરોગ્ય ચકાસણી કેમ્પ'નું ઉદ્‌ઘાટન કરશે

ગાંધીનગર તા.૦૩

ભારત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા "પ્રધાનમંત્રી ભારતીય જનઔષધી પરિયોજના" હેઠળ શરૂ કરવામાં આવેલા પી.એમ. જનઔષધી કેન્દ્ર ખાતે તા.૧ થી ૭ માર્ચ સુધી જનઔષધી સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે. આ સપ્તાહ દરમ્યાન વિવિધ આરોગ્યલક્ષી કાર્યક્રમો દ્વારા જન સામાન્ય સુધી સસ્તા - રાહત દરે ગુણવત્તાયુક્ત દવાઓનું વિતરણ જનઔષધિ કેન્દ્રો દ્વારા કરવામાં આવી રહ્યું છે. આ સપ્તાહ અંતર્ગત તા.૪ માર્ચ શુક્રવારે સવારે ૮.૦૦ વાગે કેન્દ્રીય મંત્રી પરશોત્તમ રૂપાલા દ્વારા સેક્ટર -૨૪ ખાતે ૬ નંબરના રોડ ઉપર આવેલ જનઔષધી કેન્દ્રની મુલાકાત લઈ, "આરોગ્ય ચકાસણી કેમ્પ"નું ઉદ્‌ઘાટન કરવામાં આવશે અને ભારત સરકાર દ્વારા સેક્ટર ૨૪ ચારરસ્તા ઉપર મુકેલ "જનઔષધી સેલ્ફી પોઈન્ટ"ની પણ મુલાકાત લેશે.

# ખોરજ અતિથિ ઢાબા પાસેથી એકટીવા ચોરાયું

ગાંધીનગર-સરખેજ માર્ગ પર ખોરજ અતિથિ ઢાબા પીયુસી કેબીન નજીક ખુલ્લી જગ્યામાંથી પાર્ક કરેલું એકટીવા ચોરાયું છે. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ શાહીબાગ માધુપુરા ઠાકોરવાસ મકાન નં.૧૨૫૯ ખાતે રહેતો પ્રકાશ રાજેન્દ્રભાઈ સોલંકી ડ્રાઈવીંગ કરીને ગુજરાન ચલાવે છે. નોકરીએ આવન જાવન માટે એકટીવા નં. જી.જે.૦૧. વીએમ.૪૬૫૩ નો ઉપયોગ કરે છે. પ્રકાશ એકટીવા લઈ ગત તા.૨૮ ફેબુઆરીના રોજ શીલજ ગામે મિત્રને મળવા ગયો હતો. ત્યાંથી પરત આવતા વૈષ્ણોદેવી સર્કલ પાસે તબિયત બગડતા અતિથિ ઢાબા પીયુસી કેબીન પાસે રાત્રીના સમયે એકટીવા પાર્ક કરીને સુઈ ગયો હતો. સવારના સમયે જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર એકટીવા ન હતું. આસપાસના વિસ્તારમાં તપાસ કરવા છતા એકટીવા મળી આવ્યું ન હતું. જેથી અડાલજ પોલીસ મથકે યુવકે રૂ.૪૦ હજારના એકટીવા ચોરી અંગે ફરીયાદ નોંધાઈ છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજી. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફ્લેટ, મેગેઝીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૦૯
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

મારૂતિ સોફા
વોશીંગ & રીનોવેશન
સોફા રીપેરીંગ સ્પેશ્યાલીસ્ટ
ફ્રી હોમ સર્વિસ ગેરન્ટી સાથે
9924244216, 9924244276
મોકાસણવાળા

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com